લોરેન્સ સાથેની દુશ્મની ખતમ કરવા પાંચ કરોડની ખંડણી આપવા માંગ

સલમાનને નવી ધમકી : બાબા સિદ્દીકી કરતા પણ હાલત ખરાબ કરીશું

મુંબઇ, તા. ૧૮

એનસીપી (અજીત પવાર) નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ હવે બાબા સિદ્દીકીના મિત્ર અને બોલિવુડ સ્ટાર સલમાન ખાનને વધુ એક ધમકી મળી છે. જેમાં પાંચ કરોડની ખંડણી માંગવામાં આવી છે અને આ રકમ નહીં અપાય તો સલમાનની બાબા સિદ્દીકીથી પણ ખરાબ હાલત કરવાની ધમકી અપાઇ છે.

આ ધમકી મુંબઇ ટ્રાફિક પોલીસને વોટસએપ પર મળી છે અને ધમકી આપનારે પોતાને બિશ્નોઇ ગેંગનો નજીકનો ઓળખાવ્યો છે.

બોલિવૂડ અભિનેતા સલમાન ખાન સાથે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની દુશ્મની ખૂબ જૂની છે અને તાજેતરની ઘટનાઓ બાદ આ મામલો વધુ ગંભીર બની રહ્યો છે. એનસીપી (અજીત પવાર જૂથ) નેતા બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાન ખાનની સુરક્ષા વધારી દીધી છે. બાબા સિદ્દિકી પણ સલમાનના મિત્ર હતા અને બોલિવૂડના ઘણાં સિતારાઓ સાથે તેમની ગાઢ મિત્રતા હતી. આ દરમિયાન હવે મુંબઈ ટ્રાફિક પોલીસને સલમાન ખાનના નામે ધમકીભર્યો મેસેજ મળ્યો છે.

અહેવાલો અનુસાર, મેસેજ મોકલનાર વ્યક્તિએ પોતાને લોરેન્સ બિશ્નોઈ ગેંગનો નજીકનો ગણાવ્યો છે. મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ નંબર પર આ ધમકીભર્યો મેસેજ આવ્યો છે. જેમાં લોરેન્સ બિશ્નોઈ સાથે લાંબા સમયથી ચાલી રહેલી દુશ્મની ખતમ કરવા માટે અભિનેતા સલમાન ખાન પાસેથી ૫ કરોડ રૂપિયાની માંગ કરવામાં આવી છે. મેસેજમાં એવું પણ લખવામાં આવ્યું છે કે 'આને હળવાશથી ન લો, નહીં તો સલમાન ખાનની હાલત બાબા સિદ્દિકી કરતા પણ ખરાબ થઈ જશે.' આ મામલે મુંબઈ પોલીસે તપાસ શરૂ કરી છે.

એરટેલની એઆઈ સંચાલિત

ટેકનોલોજીથી ગુજરાતના ગ્રાહકોને રાહત

અમદાવાદ, તા.૧૮

ભારતી એરટેલની નવી એઆઈ-સંચાલિત સ્પામ ડિટેકશન સિસ્ટમે ગુજરાતના ગ્રાહકોને મોટી રાહત આપી છે. આ આધુનિક ટેકનોલોજીએ લોન્ચના માત્ર ૨૦ દિવસોમાં જ રાજ્યમાં ૭૯ મિલિયના સંભાવિત સ્પામ કોલ્સ અને ૪ મિલિયન સ્પામ એસએમએસ સંદેશાઓની સફળતાપૂર્વક ઓળખ કરી છે.

હવે ગુજરાતમાં એરટેલ મોબાઈલ ગ્રાહકોને કંપનીની આ એઆઈ-સંચાલિત સ્પામ ડિટેકશન સિસ્ટમનો લાભ આપમેળે મળી રહ્યો છે. આ સેવાનો ઉપયો કરવા માટે ગ્રાહકોને કોઈ વધારાનો અનુરોધ કરવાની કે કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની જરૂર નથી.

સ્પામ કોલ અને એસએમએસની કરી ઓળખ

લોન્ચ અંગે ટિપ્પણી કરતાં, ભારતી એરટેલ, ગુજરાતના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સૌમેન્દ્ર સાહુએ કહ્યું, 'આજના ઝડપી ડિજિટલ વિશ્વમાં, અમારા ગ્રાહકો સતત વધી રહેલા સ્કેમ અને ઠગાઈના જોખમનો સામનો કરી રહ્યા છે, જેના કારણે તેઓ અસુરક્ષિતા અનુભવે છે. આ ગંભીર પડકારને દૂર કરવા, એરટેલે એક અનોખી એઆઈ-સંચાલિત ટેકનોલોજી રજૂ કરી છે. આ આધુનિક ટેકનોલોજી શંકાસ્પદ સ્પામ કોલ્સ અને મેસેજિસને સક્રિય રીતે ઓળખી ગુજરાતમાં (એરટેલના ૧૧.૯ મિલિયન ગ્રાહકોને સશક્ત બનાવે છે. આ પહેલ દ્વારા એરટેલે ગ્રાહકોની સુરક્ષા માટેની તેની પ્રતિબધ્ધતાને પુનઃસ્થાપિત કરી છે

વારી એનર્જીસ લિમિટેડનો આઈપીઓ સોમવારે ખુલશે

અમદાવાદ, તા.૧૮

વારી એનર્જીસ લિમિટેડ સોમવાર, ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઈક્વિટી શેર્સનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખૂલવાની તારીખનાં કામકાજના એક દિવસ પહેલાની એટલે કે શુક્રવાર, ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ના છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ છે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ.૧,૪૨૭થી રૂ.૧,૫૦૩ નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૯ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૯ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

ઈક્વિટી શેર દીઠ પ્રાઈઝ બેન્ડ રૂ.૧૪૨૭થી રૂ.૧૫૦૩ નક્કી કરાઈ

ઓફરમાં રૂ.૩૬,૦૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને ૪૮,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે જેમાં વારી સસ્ટેનેબલ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૪૩,૫૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, ચંદુરકર ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૪,૫૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે.

GESIA નો એન્યુઅલ "ડિજિટલ મેનેજમેન્ટ કોન્કલેવ ૨૦૨૪" યોજાયો

અમદાવાદ, તા.૧૮

GESIA દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોશિએશન ખાતે ૧૮મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ "ડિજિટલ મેનેજમેન્ટ કોક્લેવ ૨૦૨૪" યોજાયું હતું, જેની થીમ "ફ્યુચરિસ્ટિક બિઝનેસીસ ડ્રાઈવિંગ સસ્ટેનેબલ ગ્રોથ" હતી. આ કોક્લેવ CIO ઈકોસિસ્ટમ અને ICT સમુદાય વચ્ચેના ઈન્ટરેકશન માટે પ્રીમિયર પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું.. આ અંગે શ્રી પ્રણવ પંડ્યા (ચેરમેન અને ડિરેક્ટર, GESIA IT એસોસિએશન), શ્રી ઉમેશ રાતેજા (માન. સચિવ અને નિયામક, GESIA IT એસોસિએશન), સત્યાર્થ શ્રીવાસ્તવ, (માન. ટ્રેઝરર અને ડિરેક્ટર, GESIA IT એસોસિએશન) અને કેયુર ભલાવત (માન. જે.ટી. સેક્રેટરી અને ડિરેક્ટર, GESIA IT એસોસિએશન) માહિતી આપી હતી.

GESIA DMC 2024 ICT ઉદ્યોગના અગ્રણી નિષ્ણાતોને "ફ્યુચ્યુરિસ્ટિક બિઝનેસીસ ડ્રાઈવિંગ સસ્ટેનેબલ ગ્રોથ" પર તેમની આંતરદૃષ્ટિ શેર કરવા માટે એકસાથે લાવ્યું.. કોક્લેવમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોના ડોમેન નિષ્ણાતો, CIOs, CTOs અને CXOs હાજર રહ્યાં હતા..

આઈટી અને નોન આઈટી તરફથી ઈન્ડસ્ટ્રીના દિગ્ગજોનું કરાયુ

આ કોક્લેવમાં સમગ્ર ગુજરાત રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં આઈટી અને નોન-આઈટી તરફથી ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ લોકોનું સન્માન કરવામાં કરવામાં આવ્યું હતું

અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.. ઉદ્યોગમાં શ્રેષ્ઠ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એડોપ્શન, જાહેર ક્ષેત્રે શ્રેષ્ઠ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એડોપ્શન, શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એડોપ્શન, શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજડ સર્વિસ પ્રોવાઈડર (સોફ્ટવેર), શ્રેષ્ઠ સિસ્ટમ ઈન્ટિગ્રેટર કંપની (હાર્ડવેર), શ્રેષ્ઠ ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ કંપની, શ્રેષ્ઠ BPO અથવા KPO કંપની, શ્રેષ્ઠ ડિજિટલ માર્કેટિંગ કંપની, શ્રેષ્ઠ સોફ્ટવેર ડેવલપમેન્ટ કંપની, શ્રેષ્ઠ IoT પ્રોડક્ટ સોલ્યુશન, શ્રેષ્ઠ AR-VR પ્રોડક્ટ સોલ્યુશન, શ્રેષ્ઠ બ્લોકચેન પ્રોડક્ટ સોલ્યુશન, શ્રેષ્ઠ બિગ ડેટા પ્રોડક્ટ સોલ્યુશન, શ્રેષ્ઠ AI/ML પ્રોડક્ટ સોલ્યુશન, શ્રેષ્ઠ SaaS ઉત્પાદન ઉકેલ, શ્રેષ્ઠ ફિનટેક પ્રોડક્ટ સોલ્યુશન, શ્રેષ્ઠ ગેમિંગ પ્રોડક્ટ સોલ્યુશન વગેરે કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા.

ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સને સામાજિક સુરક્ષા પ્રદાન કરવામાં આવશે : મનસુખ માંડવિયા

નવી દિલ્હી

કેન્દ્રીય શ્રમ પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ગીગ વર્કર એટલે કે ડિલિવરી બોય અને પ્લેટફોર્મ કામદારોને પેન્શન અને આરોગ્ય સેવાઓ જેવાં સામાજિક સુરક્ષા લાભો પ્રદાન કરવાની નીતિ પ્રક્રિયા હેઠળ છે. મંત્રીએ કહ્યું કે દેશમાં અંદાજિત ૬૫ લાખ ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ છે, પરંતુ આ સેગમેન્ટ ખૂબ જ ઝડપથી વધી રહ્યો હોવાથી સંખ્યા બે કરોડથી વધુ થવાની સંભાવના છે.તેમણે સમજાવ્યું કે સર્વિસ સેક્ટર ગ્રાહકોની સરળતા અને તેમની કામગીરીને વિસ્તારવા માટે પ્લેટફોર્મ પર ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. ગિગ અને પ્લેટફોર્મ કામદારો માટે સામાજિક સુરક્ષા નિયમો અને વિવિધ જોગવાઈઓ વિશે, તેમણે કહ્યું, ''અમે નિયમોના અમલીકરણ સુધી તેમને તેમનાં અધિકારોથી વંચિત કરી શકતાં નથી.

પોલિસી લાવવાની સમયરેખા વિશે તેમણે કહ્યું કે મંત્રાલય પોલિસીને વહેલી તકે લાવવા માંગે છે.તેમણે કહ્યું કે, હું આગામી બજેટ પહેલાં ઘણું બધું કરવા માંગુ છું. મંત્રીએ વિવિધ એસોસિએશનો અને ગીગ અને પ્લેટફોર્મ કામદારોના યુનિયનોના પ્રતિનિધિઓની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

બેંકોમાં તુર્તમાં જ 'ફાઇવ ડે વિક'નો થશે અમલ

મુંબઇ તા.૧૮

કોર્પોરેટ કંપનીઓ તથા સરકારી કચેરીઓમાં ફાઇવ ડે વિકનો ટ્રેંડ ચાલી જ રહ્યો છે તેવા સમયે બેંકોમાં પણ પાંચ દિવસનું સમાહ તુરંતમાં અમલી બને તેવા સંકેતો સાંપડયા છે. ઇન્ડિયન બેંક એસો. અને કર્મચારી યુનિયન વચ્ચે સમજૂતી થઇ ગઇ છે અને સરકારની લીલી ઝંડી મળતાની સાથે જ મોટા ભાગે ચાલુ વર્ષથી જ ફાઇવ ડે વિકનો અમલ શરૂ થઇ જશે. સાથોસાથ બેંકીંગ અવર્સમાં પણ બદલાવ થશે.

બેંક કર્મચારીઓ લાંબા સમયથી ૫ કામકાજના દિવસોની માંગ કરી

ઇન્ડિયન બેંક એસોસિએશન અને કર્મચારી યુનિયન વચ્ચેની સમજૂતીને સરકાર મ્હોર મારશે

રહ્યાં હતાં. અત્યાર સુધી સરકારે કર્મચારીઓની આ માંગને સ્વીકારી નથી, પરંતુ આશા છે કે આ વર્ષનાં અંત સુધીમાં સરકાર આ માંગણી પૂરી કરી શકે છે. તાજેતરમાં ઇન્ડિયન બેંક્સ એસોસિએશન અને કર્મચારી યુનિયન વચ્ચે એક સમજૂતી થઇ છે. હવે માત્ર સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

જો સરકાર તરફથી મંજૂરી મળશે તો બેંકો અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ જ ખુલ રહેશે. એટલે કે શનિવાર અને રવિવારે બેંકો બંધ રહેશે. હાલમાં બેંકો દર મહિનાના બીજા-ચોથા શનિવારે અને દર રવિવારે બંધ રહે છે. આ ઉપરાંત તહેવારને કારણે અનેક શહેરોની બેંકોમાં રજા હોય છે.

ઝારખંડમાં ભાજપ ૬૮ બેઠકો પર ચુંટણી લડશે: N.D.A. માં સમજુતી થઈ

નવી દિલ્હી: ઝારખંડમાં યોજાઈ રહેલી વિધાનસભા ચૂંટણીમાં એનડીએના સાથી પક્ષો વચ્ચે બેઠક સમજુતી થઈ ગઈ છે. રાજયમાં ભાજપના પ્રભારી શિવરાજ સિંહ ચૌહાણે જાહેર કર્યુ કે ભાજપ, જનતાદળ (યુ) અને લોકજનશક્તિ પાર્ટી વચ્ચે બેઠક સમજુતીને આખરી સ્વરૂપ આપી દેવાયુ છે. જે મુજબ ૮૧ બેઠકોની વિધાનસભામાં ભાજપ ૬૮ બેઠકો પર ચુંટણી લડશે. ઓલ આદીવાસી સ્ટુડન્ટ યુનિયન ઓફ ઝારખંડને ૧૦ બેઠકો જનતાદળ યુ-૨ અને એક બેઠક પર લોક જનશક્તિ પાર્ટી ચુંટણી લડશે. શિવરાજ ચૌહાણ અને આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા શર્મા છેલ્લા બે દિવસથી રાંચીમાં પડાવ નાખીને બેઠા હતા અને બેઠકોની સમજુતી નિશ્ચિત કરી છે.હવે બહુ જલ્દી ઉમેદવારોની પસંદગી પણ કરવામાં આવશે. ઝારખંડમાં તા.૧૩ અને ૨૦ નવે.ના રોજ બે તબક્કામાં મતદાન છે. હવે ઈન્ડીયા ગઠબંધન જેમાં ઝારખંડ-મુક્તિ મોરચા, કોંગ્રેસ, રાજદ સામેલ છે. તેમના વચ્ચે બેઠક સમજુતી પર ચર્ચા શરૂ થઈ છે.

ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયનને ૧૦ બેઠકો ફાળવાઈ

ફિઝિકસ વાલાહ દેશમાં નવા ૭૭ વિદ્યાપીઠ ઓફલાઇન કેન્દ્રો શરૂ કરશે

અમદાવાદ,તા.૧૮

ફિઝિક્સ વાલાહ (પીડબ્લ્યુ) ભારતની અગ્રણી મલ્ટિનેશનલ એડટેક કંપની સમગ્ર ભારતમાં સસ્તું ઉચ્ચગુણવત્તાવાળા શિક્ષણનું લોકશાહીકરણ કરવા પ્રતિબધ્ધ છે. તેણે શૈક્ષણિક વર્ષ ૨૫-૨૬માં દેશભરમાં ૭૭થી વધુ નવા ઓફલાઈન ટેક-સક્ષમ શિક્ષણ કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરી છે. આ નવા કેંદ્રો તામિલાડુના ગુજરાત જમ્મુ-અને કાશ્મીર, રાજસ્થાના, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત ઘણા રાજ્યોમાં ફેલાયેલા હશે. આ વિસ્તરણ તેના હાલના ૧૨૬ વિદ્યાપીઠ અને પાઠશાળા કેન્દ્રો ઉપરાંત ૧૪૧ શહેરોમાં પીડબ્લ્યુ ઓફલાઈન પદચિહ્નને અસરકારક રીતે બમણી કરી છે. આ વ્યૂહાત્મક વૃધ્ધિ દ્વારા, પીડબ્લ્યુનો હેતું વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને ગુણવત્તાયુકત શિક્ષણની પહોંચને નોંધપાત્ર રીતે વધારવાનો છે.

Welcome to the Press Conference
Physics Wallah
Physics Wallah

વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી ગુણવત્તાયુકત શિક્ષણ પુરૂ પાડવાનો ઉદ્દેશ

શૈક્ષણિક વર્ષ ૨૪-૨૫ માં પીડબ્લ્યુની વિદ્યાપીઠે અને પાઠશાળા કેન્દ્રોમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલાછે, જે સમગ્રભારતમાં શિક્ષણનો લોકશાહીકરણ કરવાના પીડબ્લ્યુના મિશનમાં વધતા વિશ્વાસને પ્રતિબિંબિતને કરે છે. પીડબ્લ્યુ આગમી શૈક્ષણિક વર્ષમાં અન્ય અઢી લાખ વિદ્યાર્થીઓને શિક્ષિત કરવાનો ધ્યેય રાખે છે.

અંકિત ગુપ્તા, સીઈઓ ઓફલાઈન, ફિઝિકસ વાલ્લાહએ જણાવ્યું હતું કે, અમે હંમેશા વિદ્યાર્થીની જરૂરિયાતો અને સુખાકારીને પ્રાથમિકતા આપીએ છીએ. વધુ કેન્દ્રો ખોલીને, અમે એસુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટે લાંબા અંતરની મુસાફરી ન કરવી પડે. ગુણવત્તાયુકત શિક્ષણ, જે તેમના નાણાંકીય બોજને હળવું કરે છે તે અન્ય મુખ્ય પાસું કે જે અમે ઉકેલવા માંગીએ છીએ તે માનસિક અને ભાવનાત્મક તણાવ છે કે, જયારે તેઓને શિક્ષણ મેળવવા માટે અન્ય શહેર અથવા રાજ્યમાં શિફ્ટ થવું પડે છે, ત્યાંથી સમગ્ર દેશમાં વધુ શૈક્ષણિક હબ બનાવવામાં આવે છે.

એમેઝોન નાના વ્યવસાયો માટે સમભાવ હેકાથોન લોન્ચ કરી

અમદાવાદ, તા.૧૮

એમેઝોન ઈન્ડિયાએ ઈ-કોમર્સમાં ભારતના સ્મોલ એન્ડ મીડિયમ બિઝનેસીસ (એસએમબી) માટે નેકસ્ટ જનરેશન ટેક અને એઆઈ-પાવર્ડ સોલ્યુશન્સ બનાવવા માટે દેશવ્યાપી સ્પર્ધા એમેઝોન સમભાવ હેકાથોન-૨૦૨૪ના લોન્ચની આજે જાહેરાત કરી હતી. આ હેકાથોન ભારતમાં કંપનીની ફ્લેગશિપ એન્યુઅલ સમિટની પાંચમી એડિશન એમેઝોન સમભાવ-૨૦૨૪ની લીડ-અપનો ભાગ છે. તે ભારતની ડિજિટલ ઈકોનોમીની વૃધ્ધિમાં યોગદાન આપવા માટે ભારતના ઈનોવેટર્સને આમંત્રિત કરે છે. હેકાથોન માટે એપ્લિકેશન વિન્ડો ખુલી છે.

સુપ્રીમ કોર્ટે રામ રહીમને આપ્યો ઝટકો

નવી દિલ્હી,તા.૧૮

સુપ્રિમ કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા પવિત્ર ગ્રંથના અપમાન સાથે સંબંધિત ત્રણ કેસમાં જેલમાં બંધ ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમ સિંહ સામેની કાર્યવાહી પર લગાવવામાં આવેલ સ્ટે ઉઠાવી લીધો હતો. રામ રહીમ સામેના આ કેસ ૨૦૧૫ માં પંજાબના ફરીદકોટ જિલ્લામાં બનેલી અપમાનજનક ઘટનાઓ સાથે સંબંધિત છે.જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચે આ કેસમાં હાઈકોર્ટ દ્વારા ટ્રાયલ પર સ્ટે આપવા સામે પંજાબ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર ગુરમીત રામ રહીમ સિંહને નોટિસ પણ જારી કરી હતી.

OMKARA

ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ ૯, એમ.પી.નગર, ૧લી શેરી, કોન્ગુ નગર એક્સ્ટે., તિરુપુર-૬૪૧૬૦૭.
કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્કવેર, ૪૭મે માળે, ન.ચિ.કેળકર માર્ગ, રા.ગ.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૨૮
ટેલિ.: ૦૨૨-૨૬૫૪૪૦૦૦ ઈમેઈલ: mumbai@omkaraarc.com I www.omkaraarc.com I CIN:U67100TZ2014PTC020363

(એપેન્ડિક્સ IV-A) [(જુઓ નિયમ ૮(૬) ને નિયમ ૯(૧) સાથે વાંચતા મળેલ જોગવાઈ]
સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ
ઈ-હરાજીની તારીખઃ ૧૩-૧૧-૨૦૨૪
ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમ ૯(૧) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ તો નીચે જણાવેલ દેવાદાર અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદાર, અગાઉ આંધ્રા બેંક, અગાઉ દેના બેંક, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક, સ્ટેટ બેંક ઓફ ઈંડિયા, યુનિયન બેંક ઓફ ઈંડિયા અને આઈડીબીઆઈ બેંક, પાસે ગિરવે/ચાર્જમાં રાખવામાં આવેલ છે જેનો ફિઝિકલ/પ્રતીકાત્મક કબજો ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા.લિ. (ઓએઆરપીએલ)ના અધિકૃત અધિકારીએ લીધો હતો. ઓએઆરપીએલ કંપનીધારા, ૧૯૫૬ હેઠળ રચાયેલી અને રિઝર્વ બેંક ઓફ ઈંડિયા (આરબીઆઈ) સાથે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની તરીકે નોંધાયેલી કંપની છે જેની રજિસ્ટર્ડ ઓફિસ ૯, એમ.પી.નગર, ૧લી શેરી, કોન્ગુ નગર એક્સ્ટે., તિરુપુર-૬૪૧૬૦૭, અને કોર્પોરેટ ઓફિસ કોહિનૂર સ્કવેર, ૪૭મે માળે, ન.ચિ. કેળકર માર્ગ, રા.ગ.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૨૮ ખાતે છે. અગાઉની આંધ્રા બેંક, અગાઉની દેના બેંક, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈંડિયા, ઈન્ડિયન બેંક અને આઈડીબીઆઈ બેંક લિ.એ તા.૦૩જી જાન્યુઆરી ૨૦૧૮, ૧૪મી ડિસેમ્બર ૨૦૧૮, ૩૧મી માર્ચ,૨૦૨૦, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦, ૩૧મી માર્ચ, ૨૦૨૧ અને ૨૯ એપ્રિલ ૨૦૨૩ના ડીડ્સ ઓફ એસાઈનમેન્ટથી મે. સંઘવી એક્સપોર્ટ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડનું દેવું ઓએઆરપીએલને જે અનુક્રમે ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ટ્રસ્ટ , ઓમકારા પીએસ ૨૦ /૨૦૨૦-૨૧ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૩૦ /૨૦૨૦-૨૧ ટ્રસ્ટના અને ઓમકારા પીએસ ૦૨/૨૦૨૩-૨૪ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે તેને એસાઈન કરેલ.

તે મુજબ ઓએઆરપીએલે એસાઈનર બેંકોના પેંગડામાં પગ મૂક્યો છે અને લેણું વસૂલ કરવા માટે અને સિક્યોરિટી જમ કરવા માટે અધિકાર ધરાવે છે. સિક્યોર્ડ અસ્ક્યામતોનું સરફેસી કાયદાના ૧૩(૨) અને (૪) હેઠળના અધિકાર અને સત્તાની કવાયતથી, 'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે' અને 'જે કાંઈ છે તે છે' તથા કોઈના આશ્રય વિના' ના આધારે ૧૩-૧૧-૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે(બીડ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય ૧૨-૧૧-૨૦૨૪ સાંજના ૦૫.૦૦ સુધી છે), જે નીચે દર્શાવેલ દેવાદાર અને જામીનદારો પાસેથી સિક્યોર્ડ લેણદાર તરીકે ઓએઆરપીએલ અને એના કોન્સોર્ટિયમના સભ્યોને વસૂલ કરવાની રકમ જે નીચે સંબંધિત કોલમમાં દર્શાવેલ છે .

જે તે મિલકતની રિઝર્વ કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝીટ સંબંધિત કોલમમાં દર્શાવેલ છે.

દેવાદારો અને ગિરવેદારોની વિગતો સ્થાવર મિલકત અને ખબર હોય તેવા કરભારણ(જો હોય તો)ની વિગતો નીચે મુજબ છે.

દેવાદાર અને જામીનદારોનાં નામ	બાકી રકમ રૂ.માં	ડિમાન્ડ નોટિસની તારીખ	પ્રતીકાત્મક/ ફિઝિકલ કબજાની તારીખો
દેવાદારઃ મે. સંઘવી એક્સપોર્ટ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ(આઈબીસી, ૨૦૧૬ હેઠળ કડચામાં) જામીનદારોઃ ૧) શ્રી કલ્પેશ વી. સંઘવી, ૨) શ્રી જયેશ વી. સંઘવી, ૩) શ્રી કીર્તિલાલ આર. સંઘવી, ૪) શ્રી ચંદ્રકાંત આર. સંઘવી, ૫) શ્રી રમેશચંદ્ર આર. સંઘવી, ૬) શ્રી. કેતન કે. સંઘવી, ૭) શ્રી. વિરેન કે. સંઘવી, ૮) શ્રી આગમ કે. સંઘવી, ૯) શ્રીમતી ભારતીબેન વી. સંઘવી, ૧૦) શ્રીમતી પ્રેમીલાબેન કે. સંઘવી, ૧૧) શ્રીમતી કલ્પનાબેન આર. સંઘવી, ૧૨) શ્રીમતી દેવિકાબેન સી. સંઘવી, ૧૩) સુશ્રી નીકિતાબેન વી. સંઘવી, ૧૪) કીર્તિલાલ આર. સંઘવી (એચયુએફ), ૧૫) રમેશચંદ્ર આર. સંઘવી (એચયુએફ), ૧૬)ચંદ્રકાંત આર. સંઘવી (એચયુએફ), ૧૭) વસંતલાલ સંઘવી (એચયુએફ), ૧૮) સંઘવી ફેમિલી ટ્રસ્ટ, ૧૯) રોયલ એસ્ટેટ હોલ્ડિંગ ઈન્ડિયા પ્રા.લિ., ૨૦) સંઘવી સ્ટાર રિટેઈલ પ્રા. લિ., ૨૧) સંઘવી જ્વેલરી મેન્યુ. કંપની પ્રા. લિ., ૨૨) સંઘવી ડાયમન્ડ મેન્યુ. કંપની પ્રા. લિ.	નાણાંકીય લેણદાર — ૧૫.૧૨.૨૦૨૦ મુજબ બાકી રકમ ઓએઆરપીએલ અગાઉની આંધ્રા બેંકના એસાઈની તરીકે — ૭૯,૧૪,૮૯,૯૮૫ અગાઉની દેના બેંકના એસાઈની તરીકે — ૨૦,૮૪,૩૨,૦૮૯ બેંક ઓફ બરોડાના એસાઈની તરીકે — ૯૯,૫૩,૪૪,૬૯૨ બેંક ઓફ ઈંડિયાના એસાઈની તરીકે — ૪૦૪,૦૭,૯૯,૨૫૦ ઈંડિયન બેંકના એસાઈની તરીકે — ૯૬,૭૮,૭૧,૬૦૨ આઈડીબીઆઈ બેંક લિમિટેડના એસાઈની તરીકે — ૬૬,૪૮,૦૩,૯૦૭ સબ-ટોટલ (ઓએઆરપીએલ) — ૮,૩૯,૮૯,૩૮,૫૨૫ સ્ટેટ બેંક ઓફ ઈંડિયા — ૧૨૧,૮૫,૪૭,૯૯૭ યુનિયન બેંક ઓફ ઈંડિયા — ૭૩,૬૫,૯૨,૫૪૯ સબ-ટોટલ — ૨૮૧,૯૯,૧૪,૧૫૯ કુલ — ૧૦૫૨,૩૭,૪૮,૭૭૧ કુલ લેણી ૧૫-૧૨-૨૦૨૦ મુજબ રૂ. ૧૦૫૨,૩૭,૪૮,૭૭૧ (અંકે રૂપિયા એક હજાર બાવન કરોડ સાડત્રીસ લાખ અડતાલીસ હજાર સાતસો ઇકોતેર પૂરા)	૦૯-૧૨-૨૦૧૯	પ્રતીકાત્મક કબજો ક્રમ. (નીચેના શેડ્યુલ મુજબ) — કબજાની તારીખ ૧. — ૧૫-૧૨-૨૦૨૦ ફિઝિકલ કબજો ક્રમ. (નીચેના શેડ્યુલ મુજબ) — કબજાની તારીખ ૨-૪ — ૩૦-૦૪-૨૦૨૩ ૫-૧૪ — ૨૧-૦૮-૨૦૨૩

લોટ નં.	સ્થાવર મિલકતનું વર્ણન	ગિરવેદાર	એરિયા	નિરીક્ષણનાં તારીખ અને સમય	રિઝર્વ કિંમત (રૂ. લાખમાં)	ઈએમડી (રૂ. લાખમાં)	બીડમાં વધારો (રૂ. લાખમાં)
૧	ઓફિસ પ્રિમાઈસિસ નં. ૪૦૨, ૪થા માળે (ઉત્તર), મહેતા મહાલ, જમીન કેડેસ્ટલ સર્વે નં. ૧૫૦૧ ધારક જમીન પર બાંધેલ (નવો સર્વે નં. ૩/૮૦૧૯, ૭/૮૦૧૯, ૫/૮૦૧૯ અને ૨/૮૦૦૭આંશિક)ગિરગામ ડિવિઝન, ૧૫, મેથ્યુ રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ, બે (૨) કારપાર્કીંગ ની જગ્યા સાથે જાણીતું કરભારણઃ તા.૦૨-૦૫-૨૦૧૯ની બોમ્બે સિટી સિવિલ કોર્ટ દ્વારા સમ. કેસ નં. ૧૩૪૫/૨૦૧૭ દ્વારા મંજૂર કરાયેલ ડિક્રી મુજબ, ગિરવેદારે દૃષ્ટિ હોસ્પિટલ કો. પ્રા. લિ.ને ચુકવવાપાત્ર સૂટ ફાઈલની તારીખ(૨૬-૦૯-૨૦૧૭) થી વસુલાત થાય ત્યાં સુધી રૂ. ૧૩,૦૭,૨૫૧/- પર વા. ૯%ના દરે થતા વ્યાજ સાથે રૂ. ૧૪,૫૪,૦૦૯/-ની રકમ.	રોયલ એસ્ટેટ હોલ્ડિંગ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ	૩૧૮૦ ચો.ફીટ બિલ્ટ અપ એરિયા (કારપેટ એરિયા ૨૬૫૦ ચો.ફીટ)	૨૯-૧૦-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧૨.૦૦	૬૯૬	૬૯.૬૦	૧૦.૦૦
૨	સિટી સિવિલ કોર્ટ પાસે, ટાઉન ન્યુ ડીસા, તા. ડીસા, જિ. બનાસકાંઠા, ઉત્તર ગુજરાત, ખાતે આવેલ શીટનં. અને સર્વે નં. ૩૯/૫૮૭/એ ધારક જમીનના બિલ્ડિંગો અને એની પરનાં માળખાં સહિત તમામ હક્ક-હિસ્સા.	૧)શ્રી કીર્તિલાલ આર. સંઘવી ૨) શ્રી રમેશચંદ્ર આર. સંઘવી ૩) શ્રી ચંદ્રકાંત આર. સંઘવી	જમીન- ૧૪૭૬૩.૮૧ ચો.ફીટ બિલ્ડિંગ- ૭૦૨૦ ચો.ફીટ લગભગ	૨૯-૧૦-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧૨.૦૦	૨૯૯	૨.૯૯	૫.૦૦
૩	ન્યાય મંદિર (કોર્ટ)પાસે, ટાઉન ન્યૂ ડીસા, તા.ડીસા, જિ. બનાસકાંઠા, ઉત્તર ગુજરાત, ખાતે આવેલ પ્લોટ નં. ૧૪ શીટ નં. ૩૯, સીટી સર્વે નં.૫૮૭(એ) (અઘાટ જમીન) ધારક જમીનના બિલ્ડિંગો અને એની પરનાં માળખાં સહિત તમામ હક્ક-હિસ્સા.	શ્રીમતી કલ્પનાબેન રમેશચંદ્ર સંઘવી	૧૮૦૦ ચો.ફીટ		૩૨	૩.૨૦	૧.૦૦
૪	ન્યાય મંદિર કોર્ટ પાસે, ડીસા, જિ. બનાસકાંઠા,ઉત્તર ગુજરાત ખાતે આવેલ પ્લોટ નં. ૧૩ અને સીટી સર્વે નં. ૫૮૭(એ) (અઘાટ જમીન) ધારક જમીનના બિલ્ડિંગો અને એની પરનાં માળખાં સહિત તમામ હક્ક-હિસ્સા.	શ્રીમતી પ્રેમીલાબેન કીર્તિલાલ સંઘવી	૯૩૦ ચો.ફીટ		૧૭	૧.૭૦	૦.૫૦
	સુરત ખાતે આવેલ જેમ એવન્યુ બિલ્ડિંગમાં આવેલ નીચેના ઓફિસ પ્રિમાઈસિસ ક્રમ નં.૫ અને ૬ તે નોંધ નં. ૧૩૬૪, સિટી સર્વે વોર્ડ નં. ૬ ધારક જમીન પર બંધાયેલ જે જમીનમાં અવિભાજિત પ્રમાણિત હિસ્સા અને તમામ ફિક્સર્સ અને ફીટિંગ્સ સહિત છેઃ						
૫	૩જા માળે ઓફિસ પ્રિમાઈસેસ નં.૦૭	૧)સ્વ.વસંતલાલ સંઘવી (હવે એમના કાયદેસરના વારસદારો)અને ૨) વસંતલાલ આર.સંઘવી (એચયુએફ)	૫૦૦ ચો.ફીટ બીયુએ	૨૮-૧૦-૨૦૨૪ સવારે ૧૧.૦૦થી બપોરે ૧૨.૦૦	૨૯	૨.૯૦	૧.૦૦
૬	૧લા માળે ઓફિસ પ્રિમાઈસેસ નં. ૦૪	૧)શ્રી રમેશચંદ રવચંદ સંઘવી અને ૨) રમેશચંદ રવચંદ સંઘવી (એચયુએફ)	૫૦૦ ચો.ફીટ બીયુએ		૨૯	૨.૯૦	૧.૦૦
	નીચેના ફ્લેટ્સ તે ક્રમ નં. ૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩, અને ૧૪, સંઘવી ટાવરમાં છે જે રેવ. સર્વે નં. ૫૪૦-૧, ૨ અને ૩ પૈકી ફાઈનલ પ્લોટ નં. ૯૦ પૈકી અને સબપ્લોટ નં.એ,બી અને સી તે ટીપીએસ નં.૧૦માં આવેલ જમીન પર મોજે અડાજણ, અડાજણ રોડ, સુરત ખાતે આવેલ છે.						
૭.	ટાવર નં. ૪માં ફ્લેટ નં. ૪૦૨	શ્રી કીર્તિભાઈ રવચંદભાઈસંઘવી	૧૦૨૯ ચો.ફીટ કાર્પેટ	૨૮-૧૦-૨૦૨૪ બપોરે ૦૩.૦૦ થી બપોરે ૦૫.૦૦	૨૯	૨.૯૦	૧.૦૦
૮	ટાવર નં. ૪માં ફ્લેટ નં. ૪૦૧	શ્રી. કેતન કીર્તિલાલ સંઘવી	૧૦૨૯ ચો.ફીટ કાર્પેટ		૨૯	૨.૯૦	૧.૦૦
૯	ટાવર નં. ૫માં ફ્લેટ નં. ૫૦૨ મેઈન્ટેનન્સ ચાર્જેસ રૂ. ૧૪,૮૫૦/- જુલાઈ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ના બાકી લેણા (ઓવરડ્યુ)	શ્રીમતી દેવિકાબેન ચંદ્રકાંત સંઘવી	૧૧૩૯ ચો.ફીટ કાર્પેટ		૩૧	૩.૧૦	૧.૦૦
૧૦	ટાવર નં. ૫માં ફ્લેટ નં. ૫૧૧ ભાડા મેઈન્ટેનન્સ ચાર્જેસ રૂ. ૧૫૦૦/- જુલાઈ ૨૦૨૩થી સપ્ટે. ૨૦૨૩ના બાકી લેણા (ઓવરડ્યુ) મેઈન્ટેનન્સ ચાર્જેસ રૂ. ૧૩,૫૦૦/- જુલાઈ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ના બાકી લેણા (ઓવરડ્યુ)	શ્રીમતી નીકિતા વિરેન સંઘવી	૧૦૨૯ ચો.ફીટ કાર્પેટ		૨૯	૨.૯૦	૧.૦૦
૧૧	ટાવર નં.૨ માં ફ્લેટ નં. ૨૦૧	શ્રી ચંદ્રકાંત રવચંદભાઈ સંઘવી	૮૧૧ ચો.ફીટ કાર્પેટ		૨૩	૨.૩૦	૧.૦૦
૧૨	ટાવર નં. ૧માં ફ્લેટ નં. ૧૦૨	શ્રીમતી પ્રેમીલાબેન કીર્તિભાઈ સંઘવી	૮૧૬ ચો.ફીટ કાર્પેટ		૨૩	૨.૩૦	૧.૦૦
૧૩	ટાવર નં.૩ માં ફ્લેટ નં. ૩૦૧	શ્રી રમેશ રવચંદભાઈ સંઘવી	૧૧૩૯ ચો.ફીટ કાર્પેટ		૩૧	૩.૧૦	૧.૦૦
૧૪	ટાવર નં.૩ માં ફ્લેટ નં. ૩૦૨	શ્રીમતી કલ્પનાબેન રમેશભાઈ સંઘવી	૧૦૨૯ ચો.ફીટ કાર્પેટ		૩૧	૩.૧૦	૧.૦૦

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે http:/omkaraarc.com/auction.php પર આપેલ લિંક જુઓ નિયમો અને શરતોઃ

૧. હરાજી ઓએઆરપીએલના માન્ય સર્વિસ પ્રોવાઈડર મે. સી-૧ ઈન્ડિયા પ્રા.લિ., ગુડગાંવ દ્વારા ઓનલાઈન કરવામાં આવશે. ઈ-હરાજી ટેન્ડર દસ્તાવેજમાં ઓનલાઈન ઈ-હરાજી બીડ ફોર્મ, ડેક્લેરેશન, ઓનલાઈન હરાજી વેચાણની શરતો અને નિયમો વેબસાઈટ https://www.bankeauctions.com પર ઉપલબ્ધ છે. (સપોર્ટ મેઈલ આઈડી support@bankeauctions.com સપોર્ટ મોબાઈલ નં.+૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬).

૨. ઈચ્છુક બીડરો જેમણે ઈએમડી જમા કરાવેલ છે અને લોગ ઇન આઈડી તથા પાસવર્ડ બનાવવામાં, ડેટા અપલોડ કરવામા, બીડ જમા કરાવવામાં, ઈ-બીડિંગ પ્રકિયામાં તાલીમ વગેરેમાં મદદની જરૂર હોય, તેઓ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર મે. સી ૧ ઈન્ડિયા પ્રા.લિ. ટેલિ. હેલ્પલાઈન .+૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬, હેલ્પલાઈન ઈ-મેઈલ આઈડી support@ bankeauctions.com, શ્રી ભાવિક પંડ્યા મોબાઈલ: ૮૮૬૬૬૮૨૯૩૪ ઈમેઈલ maharashtra@c1india.com પર સંપર્ક કરી શકે છે.

૩. મિલકત સંબંધી પૂછપરછ અથવા મિલકતના નિરીક્ષણના શિડ્યુલ માટે, રસ ધરાવનાર વ્યક્તિ સંબંધિત અધિકૃત અધિકારીઃ નીલમ પટેલ (મો.નં. ૯૮૧૯૯૬૩૩૪૪) (ઈમેઈલ આઈડી neelam.patel@omakararc.com) અને અક્ષય શાહ (મો.નં.૯૮૩૩૫૦૫૮૯૧) (ઈમેઈલ આઈડી akshay.shah@omakararc.com) પર અથવા ઉપર આપેલ સરનામે કામકાજી દિવસો દરમિયાન ઓફિસના કલાકોમાં સંપર્ક કરી શકે છે.

૪. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ જાણકારી અને માહિતી મુજબ, ઉપરના કોષ્ટકમાં આપ્યા સિવાયના કોઈ કરભારણ નથી.

સ્ટેચ્યુટરી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧) હેઠળ વેચાણ માટે સ્ટેચ્યુટરી નોટિસ

આ નોટિસ દેવાદાર /જામીનદારો માટે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧) અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળની પંદર(૧૫) દિવસીય મેન્ડેટરી નોટિસ પણ છે જેમાં તેમને ઉપરની તારીખે અને સમયે ઈ-હરાજી દ્વારા હરાજી /વેચાણ રાખવા અંગે જાણ કરવા અને જો એમની ઈચ્છા હોય તો બાકી રહેલી રકમ ઉપર જણાવ્યા મુજબ કોસ્ટ અને ખર્ચાઓ સહિત ચુકવીને એસેટ છોડાવવાની સલાહ છે અને એમ કરવામાં નિષ્ફળ જશે તો અધિકૃત અધિકારી અથવા સિક્યોર્ડ લેણદારની સૂઝબૂઝથી મિલકતોનું ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૫) મુજબની કોઈ પણ પદ્ધતિથી વેચાણ કરી શકશે.

તા.૧૮-૧૦-૨૦૨૪
સ્થળ: મુંબઈ

સહી/- અધિકૃત અધિકારી,
ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા.લિ.
(ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯ ટ્રસ્ટ,
ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ટ્રસ્ટ , ઓમકારા પીએસ ૨૦ /૨૦૨૦-૨૧ ટ્રસ્ટ
ઓમકારા પીએસ ૩૦ /૨૦૨૦-૨૧ અને ઓમકારા પીએસ ૦૨ /૨૦૨૩-૨૪ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત)